**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૯ ટકા ● સાંજે ૮૮ ટકા

# શહેરમાં કોરોનાએ પરંપરા યાદ કરાવી

## શીતળા સાતમ માટે હવે પરંપરાગત વાનગીઓ ઘરે જ બનાવતા થઈ ગયા : બહારથી લાવવામાં ખર્ચ લાગે છે

તહેવારોની મોસમ હાલ ચાલી રહી છે ત્યારે બોળ ચોથ અને નાગ પાંચમ નો તહેવાર પૂર્ણ થયા બાદ આજે રાંધણ છઠ અને ત્યારબાદ શીતળા સાતમ આવશે. ગુજરાતીઓ માં સાતમ ને દિવસે ઠંડુ જમવાનો રિવાજ હોવાથી રાંધણ છઠ્ઠ ને દિવસે ગૃહિણીઓ





આખો દિવસ જમવાનુ બનાવવામાં પસાર કરે છે. હિંદુ સંસ્કૃતિ મુજબ પુરા પરિવાર માટે આ દિવસે જમવાનું બને છે અને સાતમના દિવસે પરિવારજનો ભેગા મળીને ઠંડુ આરોગે છે. આ દિવસે આખો દિવસ હિન્દુ ખાઈ શકે જેના લીધે કોરા નાસ્તા સાથે અમુક પ્રકારના શાક જેવી અવનવી વાનગીઓ નગરની ગૃહિણીઓ બનાવે છે. આમ તો દર વર્ષે નગરના ફરસાણની દુકાનો અને મીઠાઈની દુકાનો માં કોરો નાસ્તો ખરીદવા માટે ભીડ જામતી. ગૃહિણીઓ વડા, થેપલા, શાક જેવી વસ્તુ બનાવતી અને નાસ્તો બહાર થી મંગાવવાનો આગ્રહ રાખવામાં આવતો. પરંતુ હાલ કોરોના ને કારણે દરેક નજરીયો બદલાયો છે. ઘરે થાય એટલું પણ બહારથી કંઈ ન લાવીને ઘરની બનાવટ જ ખાવાનો આગ્રહ આ વર્ષે નગરજનો રાખી રહ્યા છે. આ ઉપરાંત ૨૦થી ૨૫% નગરજનો નુ માનવું છે કે આ તહેવારો માતમ હવે પાળવું જ ન જોઈએ જેના કારણે બોળચોથ થી લઈને આઠમ સુધી ના ઉપવાસ અને માન્યતાઓને તેઓએ ન માનીને ઘરે જ ભગવાન ના દર્શન કરી લીધા છે.અને આ તેહવાર ના દિવસો ને દરરોજ ની જેમ જ પસાર કર્યા છે.

નગરજનો આ વર્ષે તહેવારોને સાદી રીતે ઉજવવા ના મુળમાં જણાઈ રહ્યા છે શ્રાવણ મહિના થી શરૂ કરીને આજ દિન સુધીના તમામ તહેવારો માં દર વર્ષ કરતા આ વર્ષે ઓછો ઉત્સાહ જોવા મળ્યો છે કોરોના ને કારણે નગરજનો દરેક તહેવારો ને પોતાના પરિવાર પૂરતો સીમિત રાખી ને ઘરમાં જેટલું થાય તેટલું ભગવાનની ભક્તિ કરીને મનાવવામાં માની રહ્યા છે બોળ ચોથ ના દિવસે પણ બહુ ઓછા નગરજનો ગાય માતાની પૂજા કરતા જોવા મળ્યા હતા ઉપરાંત નાગ પંચમીના દિવસે મોટા ભાગના નગરજનોએ મંદિર જવાને બદલે પોતાના ઘરે જ નાગદેવતાની પૂજા કરી દૂધ ચડાવ્યું તેવું જાણવા મળ્યું હતું ઉપરાંત આ વર્ષે બહારથી ફરસાણ મીઠાઈ કે નાસ્તા લેવાને બદલે રાંધણ છઠના દિવસે ગૃહિણીઓ થી બને તેટલું જમવાનું તેઓ બનાવશે અને પરિવારજનો પણ ગૃહિણીઓને આ વર્ષે બને તેટલી મદદ કરશે તેવું નગરના અનેક પરીવારો નું કહેવું છે એટલે કે આ વર્ષે ઠંડા નાસ્તા બહારથી લેવા કરતા પોતાના ઘરમાં જેટલું બને તેટલું જમવાનું અને નાસ્તો બનાવીને રાંધણ છઠ કરાશે અને શિતળા સાતમના દિવસે પણ ઘરમાં જેટલું જમવાનું બન્યું હોય તેમજ ચલાવી લેવું નગરજનો નું માનવું છે. આ વર્ષે ગલકા, તુરીયા, વટાણા, ઉપરાંત ડ્રાય પનીર ના શાક હોટ ફેવરિટ છે. આ ઉપરાંત ઘરે જ પાણીપુરી ની પુરી ,સેવપુરી ,ભેળ ,ચીઝ કોર્ન, કોન ભેળ, એ યુવાનોની ખાસ પસંદ છે આ વર્ષે તમામ યુવાનો પણ પોતાની માતા બહેનો તથા દાદી ને દરેક ચીજ વસ્તુઓ બનાવવા માટે યુટ્યુબના માધ્યમથી પ્રેરણા આપી રહ્યા છે કારણ કે જો બહારથી નાસ્તો આવવાનો ન હોય તો તેમની ગમતી ચીજ વસ્તુઓ ઘરે બને અને તે પણ સ્વાદિષ્ટ તેવું તેમનું માનવું છે. દરેક મોટાઓ માટે મગજ ની લાડુડી મોહનથાળ બરફી ચૂરમું પસંદગીતા મીઠાઈ છે. આ ઉપરાંત ગૃહિણીઓ માટે તિક્ખી ગળી સેવ અને સકરપારા અને પૂરી બનાવવો એ શોખનો વિષય છે. કંઈ ન બનાવી શકાય તેમ હોય તેવું બને તો પણ ગૃહિણીઓ પુરી અને શક્કરપારા જરૂરથી બનાવવાનો આગ્રહ રાખે છે આ ઉપરાંત આ વર્ષે બહારથી ચવાણું ન લાવીને ઘરે જ મમરા અને ચણાની સેવ સાથે સીંગદાણાના અને દાળ મિક્સ કરીને ચવાણું બનાવવાનો પણ અલગ ટ્રેન જાણવામાં આવ્યો છે. તમામ રિવાજોમાં માનનાર માટેએવું કહી શકાય કે આપણી સંસ્કૃતિ હવે આપણા ઘર તરફ પાછી આવી ગઈ છે. પહેલા જેમ ઘરે જ તમામ જમણ બનતું તેવી જ રીતે આ વર્ષે પણ પૂર્ણ આને કારણે દરેક જમણ ઘરે જ બનશે.

### હવે, ઘરે જ અવનવી વાનગીઓ બનાવવાનો ક્રેઝ

આ વર્ષે કોરોનાના કારણે મોટાભાગના નગરજનોએ બહાર ના નાસ્તા ન ખરીદીને પોતાના થી બને તેટલું જમવાનું અને નાસ્તો ઘરે જ બનાવવાનો નિર્ણય કર્યો છે. જેમાં ખાસ યુવાનો આ વાત જાણીને પોતાની માતા બહેન અને દાદીમાને યુટ્યુબના માધ્યમથી અવનવી વાનગીઓ બનાવવા માટે પ્રેરણા આપી રહ્યા છે. જેમાં ખાસ ઘરે બનાવેલી પાણીપુરી, ચીઝ કોન, ડ્રાય પનીર સબ્જી હોટ ફેવરિટ છે.

### તહેવારો મનાવવાની માન્યતામાં પણ ઘટાડો

નગરનો ૨૦થી ૨૫ ટકાનો વર્ગ એવો પણ છે જે હવે માને છે કે તહેવારો મનાવવા તો જોઈએ પણ તેમાં કોઈ માન્યતાઓ નો બાધ ન હોવો જોઈએ. જેમકે બોળચોથના દિવસે ગાય માતાની પૂજા કરવા ઘરની બહાર જવું કે નાગપાંચમના દિવસે મંદિરમાં જઈને નાગદેવતાની પૂજા કરવી કે શીતળા સાતમના દિવસે શીતળા માતાના મંદિરે જઈને માતાજીની પૂજા કરવી હાલના કોરોના ના કાળમાં શક્ય નથી એટલે આ નિયમો અને માન્યતાઓ ને પાછા મૂકીને પોતાના ઘરે જ થાય તેટલી ભગવાનની ભક્તિ કરીને અને કોઈપણ નિયમોનો બાધ ન રાખીને તહેવારોને પસાર કરવા તેવું અનેક નગરજનોનું કહેવું છે.

# તહેવાર ટાણે શાકભાજીના ભાવમાં વધારો

## ગૃહિણીનું બજેટ ખોરવાયું : તહેવાર ટાણે જ મધ્યમ વર્ગને ફરી એક વખત પીસાવાનો વારો આવ્યો

ગાંધીનગર, તા.૮

શહેરમાં શ્રાવણ માસના તહેવારોની શરૂઆત થઈ ચૂકી છે અને રવિવારે રાંધણ છઠ્ઠ ઉજવાશે છે પરંતુ શાકમાર્કેટમાં જાણે તેજી ચાલી રહી હોય તેમ ભાવોમાં વધારો થવા પામ્યો છે. જો કે કેટલાંકના મતે આ ભાવવધારો માત્ર



તહેવારોના કારણે સર્જાયેલી માંગને અનુલક્ષીને થવા પામ્યો છે જે લાંબો નહી ચાલે અને તહેવાર પુરા થતાં જ ઝડપથી શાકભાજીના ભાવ નીચે આવી જશે.

બીજી તરફ રાંધણ છઠ્ઠ જેવા તહેવાર અગાઉ જ શાકભાજીના ભાવો વધવાથી ગૃહિણીઓમાં થોડી નિરાશા વ્યાપી જરૂર છે પરંતુ આ વર્ષે કોરોના સંક્રમણની ભીતિએ શહેરીજનો બહારનું જમવાનું ઓછુ પસંદ કરી રહ્યા છે. જેને કારણે છેલ્લા કેટલાંક વર્ષોથી તહેવાર ટાણે તૈયાર વાનગીઓ ખરીદી લેવાના ટ્રેન્ડના વળતા પાણી થયાં છે અને ઘરની રસોઈ પર પ્રાધાન્ય વધું છે. આ કારણે શાકભાજીની માંગમાં વધારો થયો છે. જેની અસર બજારમાં ભાવવધારા સ્વરૂપે વર્તાઈ રહી છે. ખાસ કરીને રાંધણ છઠ્ઠમાં ઢેબરા, ચટની, સેન્ડવીચ, પાણીપુરી વગેરેનો ટ્રેન્ડ હોવાથી દૂધી, બટાકા, ડુંગળી, મરચાં, ટામેટા, કાકડી, ધાણા અને મેથી વગેરેની માંગ વધુ રહે છે અને આ શાકભાજીઓના ભાવો સાથે અન્ય શાકભાજીના ભાવો પણ થોડે ઘણે અંશે વધ્યા છે.

### શાકભાજીના પ્રવર્તમાન ભાવો

| શાકભાજી | ભાવ/કિ. | શાકભાજી | ભાવ/કિ. |
|---|---|---|---|
| બટાકા | ૩૦ | સુરણ | ૫૦ |
| ડુંગળી | ૨૦ | મરચાં | ૭૦ |
| ભીંડા | ૪૦ | ટામેટા | ૬૦ |
| રીંગણ | ૨૫ | કાકડી | ૪૦ |
| ભટ્ટા | ૩૦ | બીટ | ૪૦ |
| ચોળી | ૬૦ | કોબીઝ | ૪૦ |
| ગવાર | ૫૦ | કેપ્સીકમ | ૯૦ |
| કારેલાં | ૪૫ | ફલાવર | ૮૦ |
| કંકોડા | ૧૮૦ | સરગવો | ૬૦ |
| દૂધી | ૩૦ | લીંબુ | ૪૦ |
| પરવર | ૫૦ | મરચાં | ૭૦ |
| ટીંડોળા | ૪૦ | મેથી | ૨૦/જુડી |
| ગલકાં | ૪૦ | ધાણાં | ૨૦/જુડી |
| તુરિયા | ૪૦ | | |

શહેરમાં હવે કોરોનાને કારણે શોપીંગ મોલ કે માર્ટમાંથી અથવા ઓનલાઈન શાકભાજી ખરીદવાનું ચલણ પણ વધ્યું છે. શહેરમાં એકથી વધુ શાકભાજી વેચાણ કરતા શોપીંગ મોલ કે માર્ટ દ્વારા ઓનલાઈન મોબાઈલ એપ પણ શરૂ કરવામાં આવી છે અને આ એપમાં દરેક શાકભાજીના રોજેરોજના ભાવ દર્શાવવામાં આવે છે. તેમજ હોમ ડિલીવરીની સુવિધા પણ આપવામાં આવે છે. ઓનલાઈન પેમેન્ટ ચુકવી ઘરે બેઠાં શાકભાજી મેળવવાની સુવિધાને કારણે ઘણા ગ્રાહકો કોરોના સંક્રમણનું જોખમ ખેડવા કરતાં મોબાઈલ એપ પરથી ખરીદી કરવાનું કેટલાક ગ્રાહકો પસંદ કરી રહ્યા છે.

પરંતુ બીજી તરફ શહેરમાં શાકભાજીના ભાવોમાં ઉછાળો આવવાને કારણે ગૃહિણીઓના બજેટ પર માર પડી રહ્યો છે. રાંધણ છઠ્ઠ સહિતના તહેવારોના દિવસોમાં શાકભાજી વધુ મોંઘી થવાથી મધ્યમ વર્ગને ફરી એકવાર પીસાવાનો વારો આવ્યો છે.

શહેરમાં એક તરફ સમગ્ર માર્કેટમાં મંદીનો માહોલ ચાલી રહ્યો



ગાંધીનગર મહાનગરપાલિકાની સ્ટેન્ડીંગ કમિટિના ચેરમેન દેવેન્દ્રસિંહ ચાવડાની ગ્રાન્ટમાંથી સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર, સેક્ટર-૧૨ શાખાને આર.ઓ. પ્લાન્ટ તથા વોટરકુલરની ભેટ આપવામાં આવી છે. તેઓની ગ્રાન્ટમાંથી આવા અનેક સેવાલક્ષી કાર્યો કરવામાં આવ્યા છે.

# ગાંધીનગરમાં પુસ્તક મૂલ્યાંકન સ્પર્ધાનું આયોજન કરાયું

ગાંધીનગર, તા. ૮

''પુસ્તકો એ માનવીના સૌથી શ્રેષ્ઠ મિત્રો છે'' આ ઉક્તિ ખૂબ પ્રચલિત છે પરંતુ અત્યારના સમયમાં પુસ્તકવાંચન સરેરાશ ઘટતુ જતુ જણાઈ રહ્યું છે. આ સ્થિતિમાં વાચકો ફરી પુસ્તકો વાંચતા થાય અને સાહિત્ય પ્રત્યે તેમની રૂચિ વધે તે હેતુથી ગાંધીનગરના સેક્ટર-૬ ખાતે કાર્યાન્વિત પુસ્તક પરબની શાખાના સંચાલકો દ્વારા ''પુસ્તક મૂલ્યાંકન સ્પર્ધા''નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાને કારણે વાચકોના લેખન કૌશલ્યનો વિકાસ પણ થઈ શકશે.

પુસ્તક પરબની સેક્ટર-૬ શાખાના સંચાલકો દ્વારા આયોજિત પુસ્તક મૂલ્યાંકન સ્પર્ધામાં ભાગ લેવા માંગતા સ્પર્ધકોએ પોતે પોતાના જીવનમાં વાંચેલા પુસ્તકો પૈકી કોઈપણ એક પુસ્તક પસંદ કરીને તેનુ સુદીર્ઘ મૂલ્યાંકન લખવાનું છે આ આલેખનમાં પોતે પસંદ કરેલા પુસ્તકનું શિર્ષક, પ્રકાશક, લેખક વિશેની પ્રાથમિક માહિતી આપી પુસ્તકની સમગ્ર કથા, તે વાંચ્યા બાદ વાચકે શું અનુભવ્યુ, શું મેળવ્યું, તે પુસ્તકની પસંદગી કેમ કરી, તે પુસ્તકના વાંચનથી તેમના જીવન પર શું અસર થઈ જેવા મુદ્દાઓને આવરી લઈ વિસ્તૃત છણાવટ સાથે આલેખન કરવાનુ છે જેમાં લઘુત્તમ શબ્દ મર્યાદા ૮૦૦ થી ૧૦૦૦ શબ્દોની છે પરંતુ શબ્દોની મહત્તમ મર્યાદા કોઈ રાખવામાં આવી નથી. આ આલેખન સુવાચ્ય હસ્તલિખિત અથવા કોમ્પ્યુટર પર માઈક્રોસોફ્ટ વર્ડ ફોર્મેટમાં શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરીને મોકલી શકાશે. મૂલ્યાંકન ટપાલ કે કુરિયરના માધ્યમથી ધ્રુવ પ્રજાપતિ 'આઝાદ', પ્લોટ નં. ૫૯૪/૧, સેક્ટર-૬-બી, ગાંધીનગરના સરનામે મોકલી આપવાનું રહેશે જે માટે છેલ્લી તારીખ ૩૧મી ઓગષ્ટ નિર્ધારિત કરવામાં આવી છે. સ્પર્ધામાં વિજેતાઓ અંગેનો નિર્ણય નિર્ણાયકોને આધીન રહેશે અને મોકલેલા મૂલ્યાંકન આલેખનને પ્રગટ કરવાના હક્ક સંપૂર્ણ રીતે સ્પર્ધાના આયોજકો પાસે રહેશે તેવુ પુસ્તક પરબની સેક્ટર-૬ શાખાના સંચાલકો દ્વારા જણાવવામાં આવ્યું છે.

### ચાંદીના વધેલા ભાવોને પગલે શહેરના

# સોનીઓ-જ્વેલર્સ પોતાના ગ્રાહકોની ચાંદી ખરીદતાં કતરાવા લાગ્યા..!!!

**ચાંદીના જૂના ઘરેણાં કે સિક્કા વેચવા પોતાના નિયમિત સોની કે જ્વેલર્સ પાસે પહોંચતા નાગરિકોને વેપારીઓનો નનૈયો : રખેને ચાંદીનો ભાવ ગગડી જાય તો એ બીકે વેપારીઓ ચાંદી વેચે છે પણ ખરીદતા નથી : વધેલા ભાવોના લાભ ઉઠાવવાથી ગ્રાહકો વંચિત**

ગાંધીનગર, તા. ૮

કોરોના મહામારીમાં વૈશ્વિક મંદીનો માહોલ ચાલી રહ્યો છે ત્યારે બીજી તરફ સોના-ચાંદીના ભાવોમાં આગઝરતી તેજી જોવા મળી રહી છે. સોનુ ૫૮ હજારનો ભાવ વટાવી ચુક્યુ છે. જ્યારે ચાંદી ૭૮ હજારના ભાવે પહોંચી છે. આ સ્થિતિમાં જેમને સોનુ ખરીદવુ હતુ તેમની મનની મનમાં રહી જતી જોવા મળી રહી છે. પરંતુ બીજી તરફ જેમની પાસે ચાંદી સ્ટોકમાં પડી હતી કે જુના ચાંદીના ઘરેણાં હતા જેને હાલ ચાંદીનો ભાવ ઉંચો હોવાથી વેચી રોકડી કરી લેવાનું વિચારી રહ્યાં છે તેમને એક કડવો અનુભવ થઈ રહ્યો છે અને તે એ છે કે શહેરના સોની-જ્વેલર્સ ચાંદી ખરીદવાની ના પાડી દે છે જેથી ભાવો ઉંચા હોવા છતાં ચાંદી વેચવી શક્ય બની નથી રહી.





સોના-ચાંદીમાં આવેલી તેજી અને તેના ઓલટાઈમ હાઈ ભાવોના કારણે તેના ખરીદ વેચાણમાં પણ પુછતાછ વધવા પામી છે. સોનાનુ તો હજુ ખરીદ-વેચાણ થઈ રહ્યું છે પરંતુ ચાંદીના ભાવોમાં અસામાન્ય ઉછાળો છે જે ગમે ત્યારે અસામાન્ય ઘટાડામાં તબદીલ થઈ શકે છે તેવો ભૂતકાળનો અનુભવ છે. સોનાના ભાવો વધે પછી તેમાં ઘટાડાનો ટ્રેન્ડ મર્યાદિત રહે છે તેવો ગ્રાહકોનો તથા વેપારીઓનો અનુભવ હોવાથી સોનુ ખરીદવામાં વેપારીઓને વાંધો આવતો નથી પરંતુ ચાંદીમાં દર વખતે ભાવોમાં મોટો વધારો ઘટાડો થતો હોય છે જેના કારણે તેની તેજી હંમેશા જોખમી રહેતી હોય છે. શહેરના અનેક નાગરિકો પોતાની પાસેના ચાંદીના જૂના ઘરેણાં કે અગાઉ સસ્તા ભાવો વખતે ખરીદેલ ચાંદી વેચી ઉંચા ભાવે પ્રોફિટ બુકિંગ કરી લેવાનું વિચારી રહ્યાં છે પરંતુ જ્યારે શહેરના સોની કે જ્વેલર્સ ચાંદી કે તેના ઘરેણા લેવાની ના પાડી દે છે. મતલબ તેઓ ચાંદી કે તેના ઘરેણાંનું વેચાણ કરે છે પણ ગ્રાહક વેચવા આવે તો ખરીદતા નથી કેમકે તેમને પણ બીક છે કે આટલા ઉંચા ભાવે ખરીદી કરીને ક્યાંક ચાંદીના ભાવ ગગડી જશે તો?

# સરગાસણ, વાસણ, ટીંટોડા, કલ્યાણપુરા ખાતેથી જુગાર રમતા ૧૬ જુગારી ઝડપાયા

ગાંધીનગર,તા.૮

ગાંધીનગર શહેરી-ગ્રામ્ય વિસ્તારમાં શ્રાવણી જુગાર બરાબરનો જામ્યો હોય તેમ લાગી રહ્યું છે. જુગારીઓને પોલીસ કે કોરોનાનો ભયના હોય તેમ જણાઈ રહ્યું છે. ઓરડી કે ખુલ્લી જગ્યામાં પોલીસે ચાર સ્થળે દરોડા પાડી જુગાર રમતા ૧૬ જુગારીઓને પકડી પાડ્યા છે. પોલીસે જુગારીઓ પાસેથી રૂ.૨૦ હજારથી વધુ રકમ જપ્ત કરી તમામ સામે જુગારધારા મુજબ ફરીયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ અડાલજ પોલીસે ઉવારસદ ગામની સીમમાં આવેલા પ્રમુખ પેસેફીક ફ્લેટ નં.૩૦૨ ખાતે જુગારની બાજી માંડીને બેઠેલા ૪ જુગારીઓને પકડી પાડ્યા હતા. પોલીસે પકડી પાડેલા જુગારીઓમાં લાલજી કેશવલાલ વાળંદ (ઉં.૪૯), સુરેશ હરગોવન વાળંદ (ઉં.૪૨ ઓઢવ),મહેન્દ્ર બબાભાઈ વાળંદ (ઉં.૪૩ ચાંદલોડીયા),બાબુ ઓમપ્રકાશ મોદી (ઉં.૩૯ ઓઢવ), અલ્પેશ માધવલાલ પટેલ (ઉં.૫૩ સ્થાપન રેસીડન્સી,ઉવારસદ,( સરગાસણ), નો સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૫,૪૮૦ જપ્ત કરી જુગારધારા હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પેથાપુર પોલીસે વાસણ મહાદેવ બસ સ્ટેન્ડ નજીકથી જુગાર રમતા વાસણ ગામના બાબુજી ગાંડાજી ઠાકોર, અનિરુધ્ધસિંહ કાનાજી વાઘેલા, જગદીશગીરી સુરેશઘીરી ગોસ્વામી, વિજયસિંહ દલપુજી વાઘેલાને ઝડપી પાડ્યા હતા. પોલીસે જુગારીઓ પાસેથી રોકડા રૂ.૨૬૧૦ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી કરી હતી.

જ્યારે ટીંટોડા કરશનપુરા ગામે ચાંમુડા માતાના મંદિરના ઓટલા પર જુગારની બાજી માંડીને બેઠેલા જુગારીઓને પોલીસે દબોચી લીધા હતા. પોલીસે પકડી પાડેલા જુગારીઓમાં ગામના બેચરજી જવાનજી ઠાકોર, પ્રવિણજી સુરસંગજી ઠાકોર, રમણજી સવધાનજી ઠાકોર, વિષ્ણુજી સુરસંગજી ઠાકોરનો સમાવેશ થાય છે. પોલીસે તેમની પાસેથી રૂ.૨૮૭૦ કબ્જે કર્યા હતા અને જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો હતો.

આદરજ મોટી કલ્યાણજીના પરા ખાતે પેથાપુર પોલીસે રેઈડ પાડીને જુગાર રમી રહેલા ભરતજી શંભુજી ઠાકોર, પ્રવિણજી રઈજીજી ઠાકોર, મહેશજી ફતાજી ઠાકોર, મુકેશજી પુનાજી ઠાકોર, સમાવેશ થાય છે. પોલીસે જુગારીઓની અંગજડતી અને દાવ પરથી મળીને કુલ રૂ.૧૨૬૦ મળી આવ્યા હતા. પોલીસે તમામ જુગારીઓ સામે ગુનો નોંધી આગળ તપાસ હાથ ધરી છે.

# ખોરજ પાસે માસ્કનો દંડ વસુલવા જતા પોલીસ પર હુમલો

ગાંધીનગર, તા.૮

અડાલજ પોલીસ મથકના લોકરક્ષક શૈલેષકુમાર તેમજ સ્ટાફના કર્મચારીઓ શુક્રવારના રોજ સાંજના સુમારે પેટ્રોલીંગમાં હતા તે સમયે અતિથિ ઢાબા નજીકથી એક શખ્સ પસાર થયો હતો. પોલીસે યુવકે ઉભો રાખવા માટે ઈશારો કર્યો હતો,પરંતુ યુવક ઉભો રહ્યો ન હતો. જેથી પોલીસે આગળ જઈને તેને પકડી પાડ્યો હતો. જેથી યુવકે ઉશ્કેરાઈને અપશબ્દો બોલવાની શરુઆત કરી હતી. માસ્ક ન પહેરવા બદલ પોલીસે દંડનીય કાર્યવાહી કરતા યુવકે દંડની રકમ આપવાની ના પાડી હતી.ત્યારબાદ પોલીસ જવાનની લાકડી લઈને ફરીયાદી શૈલેષકુમારને બાવડા પર મારી ઝપાઝપી કરી ખોરજમાં પગ મુકશો તો તમારુ ખુન કરી દઈશ તેવી ધમકી આપી હતી. જેથી પોલીસના અન્ય જવાનોએ વચ્ચે પડીને ફરીયાદીને છોડાવ્યો હતો. પોલીસે શખ્સનું નામ પુછતા ખોરજ રબારી વાસ ખાતે રહેતો મૌલિક જયરામભાઈ રબારી હોવાનુ સામે આવ્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. વિજયકુમાર નારાયણપ્રસાદ - ૫૫, ગામ જમલાપુર, બિહાર
- પટેલ મીનાક્ષીબેન યોગેન્દ્રભાઈ - ૫૬ - મુ. કપડવંજ, જી. ખેડા
- સ્વ. રમીલાબેન રમણલાલ પ્રજાપતિ-૬૫ - સેક્ટર-૨૯, ગાંધીનગર
- મુન્નીદેવી સોલંકી - ૬૦, સેક્ટર-૩૦, ગાંધીનગર